# છત્રી અને રેઈનકોટને પણ મોંઘવારી નડી ૨૦થી ૩૦ ટકા વધેલા ભાવ

## અવનવી રંગીન ડિઝાઈનમાં છત્રીઓ ઉપલબ્ધ, વિદ્યાર્થીઓમાં રેઈનકોટ પ્રથમ પસંદગી

ગાંધીનગર, તા. ૬

મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીએ છત્રી અને રેઈનકોટના વેચાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ગત વર્ષ કરતાં ૨૦ થી ૩૦ ટકા વધેલા ભાવ હોવા છતાં જરૂરિયાત એ મજબુરી બની જતાં શહેરના રહીશો મોંઘવારીનો માર સહન કરી રહ્યા છે. શાળાએ જતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓમાં રેઈનકોટ એ પ્રથમ પસંદગી બની છે. જેના અવેજમાં અમુક જ વિદ્યાર્થી છત્રીની પસંદગી કરી રહ્યા છે. શહેરના શોપીંગ સેન્ટરોમાં અવનવી રંગીન છત્રીઓ ઉપલબ્ધ છે ત્યારે વરસાદી વાતાવરણમાં રંગબેરંગી છત્રીઓથી માર્ગો ખીલી ઉઠે છે.

ગાંધીનગર શહેર શિક્ષણ ક્ષેત્રનું હબ બની રહ્યું છે ત્યારે શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ફરજીયાત રીતે જઈ શકે તે હેતુથી વરસાદી સિઝનમાં રેઈનકોટ અને છત્રીની માંગ ખુબજ વધી ગઈ છે. ગત વર્ષ કરતાં ૨૦ થી ૩૦ ટકા ભાવ વધારો હોવા છતાં અભ્યાસને મહત્વ આપતા વાલીઓ મોંઘવારીનો માર સહન કરી પોતાના સંતાનને રેઈનકોટ છત્રી ખરીદી આપતા હોય છે. શાળાના સંકુલો રંગબેરંગી છત્રીઓ અને રેઈનકોટથી ફુલગુલાબી દેખાઈ રહ્યા છે અને માર્ગો ઉપર પણ હર્યાભર્યા દશ્યો સર્જાય છે.

મેઘરાજાએ ગુરૂવારના રોજ કરેલી મહેરથી વાતાવરણ ભીનું ભીનું થઈ ગયું છે ત્યારે ચોમાસામાં વરસાદથી રક્ષણ મેળવવા છત્રી અને રેઈનકોટ આવશ્યક બન્યા છે. જેથી બજારો છત્રી, રેઈનકોટથી ભરપૂર લાગી રહ્યા છે. તો બીજી તરફ પાણીથી થતા નુકસાનને અટકાવવા મીણીયું પણ ભરપૂર રીતે વેચાઈ રહ્યા છે. પોતાની કાર, સ્કૂટર, સાઈકલ કે છત અથવા અન્ય રીતે રક્ષણ કરવા મીણીયાનો ઉપયોગ થાય છે જેથી તેની માંગ પણ ખુબજ વધી છે.

વરસાદના વિરામ વચ્ચે વાલીઓ અને વિદ્યાર્થી તથા જરૂરિયાતમંદ લોકો છત્રી અને રેઈનકોટની ખરીદીમાં ઉમટી પડ્યા છે ત્યારે બજાર માણસોથી ઉભરાઈ ગયા છે.



**છાપરા વિનાનું છાપરું :** ઉપર આકાશ નીચે ધરતી જેના આશ્રય સ્થાન છે એવા ગરીબ પરિવારની તસવીરી કહાની છે. ખોરડું ઢાંકવા પણ છત્ર નથી, વરસાદમાં રક્ષણ મેળવવા કોઈ આધાર નથી છતાંય જીવન સંઘર્ષને હસતા હસતા સ્વીકારીને જીવે છે. આ જ છે જીંદગી. **(તસવીર : દિપક જાની)**

# ગૃહિણીનું દુઃખ દુર કરવા કિન્નરનાં વેશમાં સજ્જ બે ગઠીયાઓ આવ્યા ને...

## વિધી કરવાના બહાને ગૃહિણીને ભોળવી દાગીના ઉતરાવ્યા અને ચા મુકવાનું કહીને ૮૨ હજારની મત્તા લઈ બંને ગઠીયા ફરાર : સે-૨૧માં બનેલી ઘટના

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં આજે વધુ એક ગૃહિણી ગઠિયાઓનો ભોગ બની છે. સે-૨૧નાં પંચશીલ પાર્ક સોસાયટીમાં કિન્નરના વેશમાં બહુચરમાતાનો ફાળો ઉઘરાવવાના બહાને બે ગઠીયાઓએ ગૃહિણીને ટાર્ગેટ બનાવી અને રૂ. ૨૦ ફાળો લઈ લીધા બાદ તમને નડતર છે એટલે દુઃખ દુર કરવું હોયતો વિધી કરવી પડશે તેવી રગ પકડીને ગૃહિણીને વિધી કરવાના બહાને ભોળવી દાગીના ઉતરાવી રૂ. ૬ હજારો રોકડા મુકાવી રૂ. ૮૨ હજારની મત્તા ઉપાડી લીધી હતી અને ગૃહિણીને ચા મુકવાનું કહીને ૮૨ હજારની મત્તાનો ચુનો ચોપડી બંને ફરાર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે ગૃહિણીને ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરનાં સે-૨૧ પંચશીલ પાર્ક સોસાયટી પ્લોટ નં. ૭૬૨/૩/એ ખાતે રહેતા વિનોદભાઈ જયંતિલાલ કુરેશીયા જામનગર ખાતે સ્થિત સિક્કા પાવર સ્ટેશનમાં એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે આજ તેમના ઘરે પત્ની હેમાબેન એકલા હતા તે દરમિયાન કિન્નરના વેશમાં બે શખ્સો ઘરે આવ્યા અને બહુચરમાતાનો ફાળો માંગ્યો હતો. રૂ. ૨૦ હેમાબેને ફાળા પેટે આપ્યા ત્યારે આશીર્વાદ આપીને કહ્યું કે, તમને નડતર છે દુઃખ દુર કરવા માટે એક નાની વિધી કરવી પડશે. ગૃહિણી હેમાબેન વાતમાં ભોળવાઈ ગયા અને બંનેને ઘરમાં અંદર બોલાવી લીધા હતાં. બહુચર માતાજીનો ફોટો મંગાવ્યો... પાણી મુકાવ્યું... ફૂલહાર મંગાવ્યા... કંકુ ચોખા મંગાવ્યા અને વિધીનું તુત શરુ કરી દીધું હતું. ચાલુ વિધીએ હેમાબેન પાસે પાણી મંગાવ્યુ અને પાણીમાં મીઠું નાખું છું જે તમને ખારું નહીં પણ મીઠું જ લાગશે... પી જશો એટલે તમારું બધું જ નડતર જતું રહેશે...! તેમ કહીને પાણીના ગ્લાસમાં કાંઈ નાંખીને હેમાબેનને પીવડાવ્યું...! હેમાબેનને પાણી ખરેખર મીઠું જ લાગ્યું જેથી વિશ્વાસ આવી ગયો. ત્યારબાદ ફરીથી પુજા શરુ કરી અને રૂ. ૬ હજાર રોકડા, મંગળસુત્ર બે સોનાની ચેઈન સહિત દાગીના ઉતરાવીને પુજામાં મુકાવ્યા.! હેમાબેને કહ્યા મુજબ બધું જ કર્યું... વિધીનું તુત ચાલુ રાખ્યું અને ત્યાર બાદ વિધી સંપન્ન કરવા માટે બહાર જવું પડશે કહીને હેમાબેનને બંને કિન્નરવેશમાં આવેલા ગઠીયાએ કહ્યું કે તમે ચા બનાવીને રાખો અને બહાર જઈ વિધી સંપન્ન કરીને પાછા આવીએ છીએ! બંને ગઠીયા ગયા તે ગયા! રૂ. ૮૨ હજારની મત્તાનો ચુનો લગાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરીને બંને ફરાર થઈ ગયાની ફરીયાદ હેમાબેને સે-૨૧ પોલીસે તપાસ હાથ ધરી છે.




**ટ્રાફીક નિયમન ઝુંબેશ અભિયાન :** ટ્રાફીકના નિયમો માટે જનજાગૃતિ અભિયાન રૂપે ગાંધીનગર ટ્રાફીક પોલીસ દ્વારા ગાંધીનગરના માર્ગો ઉપર તથા શાળાઓના પ્રવેશ દ્વાર પાસે ટ્રાફીક નિયમન અંગેના હોર્ડીંગ્સ મૂકાયા છે. હેલમેટ અને સીટબેલ્ટ માટે વધારે ભાર અપાયો છે. **(તસવીર : દિપક જાની)**

# સે. ૧૧ ડોમીનોઝ પીઝામાં યુવતી સાથે છેડતીની ફરીયાદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં રહેતી અને સે. ૧૧ ખાતે ડોમીનોઝ પીઝા સેન્ટરમાં નોકરી કરતી એક યુવતીને ૩૧ માર્ચ-૨૦૧૨ થી ૧૨ માર્ચ ૨૦૧૩ સુધીના સમય ગાળા દરમ્યાન આ જ સેન્ટરમાં નોકરી કરતા એક યુવાન કર્મચારીએ આંખો અને આંગળીથી બિભત્સ ઈશારાઓ કરીને ચેનચાળા કર્યા હોવાની ફરીયાદ યુવતીએ સે. ૭ પોલીસમથકે નોંધાવી છે. જેને આધારે પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ છેડતીનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

## આજે દત્તબાવની સંજીવની પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૬

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગરના પ્રમુખ નવનીત પાઠકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રીની અમાવાસ્યાએ માસિક પુણ્યતિથિ નિમિત્તે આજે તા. ૭મી જુલાઈએ અંબાલાલ પટેલ, પ્લોટ નં. ૧૩૧૫, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન દત્તબાવની સંજીવની પાઠ યોજાશે. ગાંધીનગર શહેરના ધાર્મિક ભક્તજનો તેનો લાભ લઈ શકશે.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ રથયાત્રાનું સ્વાગત કરશે

ગાંધીનગર, તા. ૬

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સંચાલિત સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ રથયાત્રાનું બ્રહ્મભવન ખાતે સ્વાગત કરશે.

પંચદેવ મંદિરથી પરંપરાગત રીતે નીકળનારી રથયાત્રા ૧૦મી જુલાઈએ આખા નગરમાં ફરશે. રથયાત્રાનું પરંપરાગત સ્વાગત શ્રી બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનો બ્રહ્મભવન, વિદ્યા લાયબ્રેરી પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે સવારે ૮ કલાકે કરશે. સર્વે બ્રહ્મબંધુઓને આ પ્રસંગે હાજર રહેવા જણાવાયું છે.

## દેના બેંકમાં આવાસ યોજના માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ની દેનાબેંક ઝોનલ કચેરીમાં આવતીકાલે તા. ૮મી જુલાઈને સોમવારે સવારે ૧૧ કલાકે શૈક્ષણિક લોન અને આવાસ યોજનાની માર્ગદર્શન શિબિર યોજાશે.

દેના બેંક ઝોનલ કચેરી ગાંધીનગર દ્વારા ગુડાની શુભ લાભ આવાસ યોજના મકાન ધિરાણ માટે એક વિશેષ યોજના મકાન ધિરાણ માટે એક વિશેષ યોજના અમલમાં મુકવામાં આવી છે. શૈક્ષણિક લોન માટે વિશેષ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ બન્ને યોજનાની માહિતી માટે બેંક દ્વારા એક વિશેષ માર્ગદર્શન શિબિર આવતી કાલે બેંકની ઝોનલ કચેરી સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે.

## ગાંધીનગર જિલ્લાના તમામ મતદારો જોગ

આથી કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ મતદારોને જણાવવામાં આવે છે કે તા. ૨૩-૬-૧૩ થી ૨૧-૭-૧૩ સુધી BLO દ્વારા ઘરે મુલાકાત લેવામાં આવી રહેલ છે. તેઓ દરેક મતદારોને મતદાર કાપલી આપવાના છે. આ મતદાર કાપલી એ મતદારની ઓળખ માટેનો દસ્તાવેજ છે. તેમજ આ અધિકૃત મતદાર કાપલી મતદારની ઓળખ માટેના દસ્તાવેજ તરીકે સ્વીકારવામાં આવેલ છે. જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી છે.

# સ્વામીનારાયણ હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામે આવેલી સ્વામીનારાયણ હાઈસ્કૂલમાં તાજેતરમાં વર્ષાઋતુના આગમન ટાણે છોડવાઓને રોપવાનો તથા તેની માવજત કરવાનો સુંદર કાર્યક્રમ શાળાના પટાંગણમાં યોજાઈ ગયો. બાળકોએ મનપસંદ છોડવાઓ રોપી 'પર્યાવરણ બચાવો, ધરતી પર હરિયાળી લાવો' જેવા સૂત્રોચ્ચાર પોકાર્યા હતાં.

સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવામાં ઈકો કલબ અંતર્ગત જૂન જુલાઈ માસમાં શાળાના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાના ખુલ્લા મેદાનમાં બોરસલ્લી, ગરમાળો, ઉમરો, પીંપળો જેવા છોડવા રોપવામાં આવ્યા હતા સાથે પ્રાર્થના મંચની બાજુમાં 'મટકી છોડ' પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો હતો. દરેક મટકીમાં મધુમાલતી, ફાયકસ, ચિનીગુલાબ જેવા વિવિધ પ્રકારના સુંદર ફૂલછોડ રોપવામાં આવ્યા હતા.

વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં ઈકો કલબના વિદ્યાર્થીઓએ ખૂબ જ જહેમત સાથે પોતાની ફરજ બજાવી હતી અને રોપેલ છોડની માવજત કરવાની જવાબદારી સહજ સ્વીકારી હતી. આ કાર્યક્રમમાં શિક્ષક મહેશભાઈ બારોટે જરુરી સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના નિસર્ગ પ્રેમી આચાર્ય અર્જુનસિંહ પરમારના માર્ગદર્શન નીચે યોજવામાં આવ્યો હતો. છેલ્લે વિદ્યાર્થીઓ દ્વારા 'પર્યાવરણ બચાવો, ધરતી પર હરિયાળી લાવો' જેવા સૂત્રોચ્ચાર સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# સેક્ટર-૮ આધારકાર્ડ કઢાવવાનો કેમ્પ મોકુફ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સેક્ટર-૮ના પ્રવર મંત્રી ડી.પી. સંઘાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૭મી જુલાઈના રોજ સેક્ટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર હોલ ખાતે યોજાનારો આધારકાર્ડ કઢાવવાનો કેમ્પ મોકુફ રખાયો છે.

આધારકાર્ડ કરાવવા માટે સેક્ટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આધાર કાર્ડ કાઢનાર એજન્સીના કર્મચારીઓ હડતાલ ઉપર હોવાથી તે કેમ્પ મોકૂફ રાખવામાં આવ્યો છે. હવે પછી ફરી કેમ્પ યોજવાની તારીખ જાહેર કરવામાં આવશે જેની નોંધ સર્વે પેન્શનર્સ સભ્યોએ લેવી.




**કચરા પેટી બની ભોજનશાળા :** ગાંધીનગરમાં ઠેર ઠેર મુકાયેલી ખુલ્લી કચરાપેટીને રખડતા ઢોર ભોજનશાળા બનાવે છે. એંઠવાડ સહિતનો કચરો કચરાપેટીમાં ઠલવાય છે અને જતાં આવતાં ઢોર મોં નાંખી ખાય અને ગંદકી કરે સરવાળે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનું ઉત્પાદન કેન્દ્ર બની જાય છે. **(તસવીર : દિપક જાની)**

## વિઘ્નેશ્વરી પરિવાર ટ્રસ્ટ દ્વાર નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૬

માણસા નગર તેમજ આજુબાજુના ગામોની જનતાને જણાવવાનું કે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાય છે. તા. ૭મી જુલાઈના રોજ બપોરે ૪૬મો કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવેલ છે. રજીસ્ટ્રેશન સગવડતા જળવાઈ રહે તે માટે બપોરે ૨ થી ૪માં કરાવવાનું રહેશે. ડૉ. ગૌરાંગ બી. પટેલ માનદ સેવાઓ આપશે.

## રથયાત્રાનું કાંસ્ય થાળીના રણકારથી સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૬

અષાઢી બીજના પવિત્ર દિવસે પરંપરાગત રીતે ગાંધીનગરમાં રથયાત્રા નીકળે છે. વર્ષોથી રથયાત્રાનું કાંસ્ય થાળીના રણકારથી સ્વાગત કરતા કનુભાઈ દવે આ વખતે સેકટર-૧૭ના બદલે સકટર-૬ ખાતે સ્વાગત કરશે.

પંચદેવ મંદિરથી નીકળતી રથયાત્રાનું કાંસ્યથાળીનો રણકાર કરીને વર્ષોથી સે-૧૭ની હનુમાનજીની દેરીથી સ્વાગત કરતા આવ્યા છે. લોકલાગણી અને સ્નેહી સ્વજનોની માંગને આવકારી કનુભાઈ દવે આ વર્ષે રથયાત્રાનું સ્વાગત સ્વામીનારાયણ સંસ્કાર ધામ, સેકટર-૬-બીની સામે આવેલા ચીપ ટાઈપ શોપીંગેથી કાંસ્ય થાળીના રણકારથી કરશે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામના વિપુલ પંડયાના પિતા ઈન્દ્રવદન જયંતિલાલ પંડયા (ડાકોરવાળા)નો ૨૯મી જૂને સ્વર્ગવાસ થતાં સ્વાર્ગસ્થનું બેસણું આજે તા. ૭મી જુલાઈએ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ઈ-૩૦૨, રત્નરાજ રેસિડન્સી, ખ-૦, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગરના વૈજનાથ મહાદેવ મંદિરમાં આજે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

દવે પરિવારના સ્વ. અશોક રવીન્દ્રભાઈ દવેની પાવક સ્મૃતિ અર્થે આજેતા.૭મી જુલાઈએ રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર સેકટર-૨૧ ગાંધીનગર ખાતે યોજાશે.

## કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૬

કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘની બેઠક તાજેતરમાં મળી હતી. સંઘના વર્ષ ૨૦૧૩થી ૨૦૧૫ના નવીન હોદ્દેદારોની બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

સંઘના પ્રમુખ તરીકે હરેશકુમાર પટેલ, મંત્રી તરીકે હર્ષદકુમાર કડિયા, ઉપપ્રમુખ તરીકે સુધાબેન પ્રજાપતિ, વિષ્ણુભાઈ ચૌધરી, સહમંત્રી તરીકે ગોવર્ધનભાઈ પ્રજાપતિ, સંગઠન મંત્રી તરીકે ધર્મેન્દ્રભાઈ રાવલ, મિનાક્ષીબેન ઠાકોર, પ્રચાર મંત્રી તરીકે શૈલેષભાઈ પટેલ, સુનયનાબેન રાવલ, ખજાનચી તરીકે રમેશચંદ્ર રાવળ, આંતરિક ઓડિટર તરીકે હિતેન્દ્રભાઈ બારોટ, મહિલા સેલ કન્વીનર તરીકે સ્મિતાબેન સુતરિયા અને મહિલા સેલ સહ કન્વીનર તરીકે નિલમબેન મિસ્ત્રીની બિન હરીફ વરણી કરવામાં આવી છે.

## વૈશ્વિક સંસ્કૃતિ પરિવારનો સત્સંગ સંકીર્તન યોજાયો

પૂ.શ્રી રમેશભાઈ ઓઝા પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર ગાંધીનગર તરફથી યોજાતો સત્સંગ સંકીર્તન સેકટર-૩-બી, ૩૩૧/૨, અજીતભાઈ માવાણીના નિવાસ સ્થાને રાખેલ હતો. મહેન્દ્રભાઈ રાઠોડે જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૧૮

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૩ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઘનચક્કર : ૧.૧૫

: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ફુકરે : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ઘનચક્કર : ૭.૧૫

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ઘનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦
રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦
લૂંટેરા : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. બેચરભાઈ સોમાભાઈ પટેલ(ઉ.વ.૭૫) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. પૃથ્વીસિંહ જવાનસિંહ વાઘેલા(ઉ.વ.૫૬) ૫/૫, ૩-ટાઈપ, જીઈબી કોલોની, ગાંધીનગર.
- સ્વ. કમળાબેન ઈશ્વરલાલ પંડ્યા(ઉ.વ.૮૦) બ્લોક નં. ૭૩૫/૪, ચ-૧ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર.
- સ્વ.રજુબેન શાંતારામ વાઘ(ઉ.વ.૪૫)આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ.મધુબેન બળદેવભાઈ પટેલ(ઉ.વ.૬૦) પ્લોટ નં. ૧૨૧૧/૧, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ.લીલાબેન જયંતકુમાર દેસાઈ(ઉ.વ.૬૫) પ્લોટ નં. ૯૫૮/૧, સેકટર-૪/ડી, ગાંધીનગર.